# ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ

SAFE SCHOOL

GUJARAT SCHOOL SAFETY INITIATIVE



# શ્રી વી.ડી. પ્રાથમિક શાળા

## શાળા આપત્તિ વ્યવસ્થાપન યોજના

સંકલન - જીએસડીએમએ

(ગુજરાત શાળા સલામતી પગલાં)

શાળા આપત્તિ વ્યવસ્થાપન યોજના

# શાળા આપત્તિ વ્યવસ્થાપન યોજના

GSDMA
SAFE SCHOOL
GUJARAT SCHOOL SAFETY INITIATIVE

## વર્ષઃ-૨૦૧૪

**શ્રી વી.ડી. પ્રાથમિક શાળા**

**શાળા આપત્તિ વ્યવસ્થાપન યોજના**

## સંકલન

**રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ**
**અને**
**ગુંજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ**
**અને**
**આપત્તિ વ્યવસ્થાપન શાખા-કલેકટર કચેરી ભુજ-કચ્છ**
**સહયોગ**
**શિક્ષણ શાખા-જીલ્લા પંચાયત કચ્છ-ભુજ**

મુખ્ય શિક્ષક
શ્રી વીડી પં. પ્રા. ગ્રુપ શાળા
વીડી, તા. અંજાર. જિ. કચ્છ

**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી**
**ભુજ-કચ્છ**

# :: આમુખ ::

ભારત સરકારના નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી (NDMA) અને ગુજરાત સરકારના ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (GSDMA) ના સંયુકત ઉપક્રમે કચ્છ જીલ્લામાં "નેશનલ સ્કુલ સેફટી પ્રોગ્રામ" એટલે કે "રાષ્ટ્રીય શાળા સલામતી કાર્યક્રમ" અમલીકૃત થયેલ છે. અવાર નવાર સર્જાતી કુદરતી તથા કૃત્રીમ આફતોથી થતી નુકશાની તથા જાનમાલની નુકશાનીમાં ઘટાડો કરવાના ભાગરૂપે આફત સામેની પુર્વ તૈયારીના ભાગરૂપે આ જીલ્લાઓની ૨૦૦ સ્કુલોમાં શાળા આપત્તિ વ્યવસ્થાપન યોજના(SDMP) તૈયાર કરવાના ભાગરૂપે આ કાર્યક્રમ બનેલ છે.

તમામ આપત્તિઓ સામે સતર્કતા,સજજતા દાખવીએ એ જરૂરી છે. ગ્લોબલ વોર્મીગના કારણે આજે ઋતુચક અનિયમીત બન્યુ છે. જે આપણે કોઈપણ આફતના સામના કરવા માટે તૈયાર રહેવા સુચવે છે. આજના યુગમાં આપણા મકાનોનું ભુકંપ રેજીસ્ટેન્ટ ટેકનોલોજીથી મજબુતીકરણ કરવામાં આવે તથા મકાનોને વિમા કવચ પુરૂ પાડવામાં આવે તે જરૂરી છે. આફતો પહેલાની તૈયારી તથા ટ્રાફીકના નિયમોનું પાલન કરી અકસ્માત નિવારી શકાય છે. આફત સામેની પુર્વ તૈયારી અને સજજતાના નિયોમને ઘ્યાનમાં રાખી આવનારી પેઢીને વિવિધ આફતો પહેલા, દરમ્યાન અને આફત પછી શું કરવુ અને શું ન કરવુ તે અંગેની સમજ કેળવવી તેવા પ્રયાસો હાથ ઘરવા પડશે. આપણા રહેણાંકની આસપાસ રહેલા જોખમોને સુરક્ષીત કરવાની જવાબદારી આપણી છે.

શાળા આપત્તિ વ્યવસ્થાપન યોજના શાળામાં આફત પહેલા, દરમ્યાન અને પછીના સમયમાં શાળા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર તથા વિવિઘ કાર્યદળોના માનદ કાર્ય પઘ્ઘતીનો ચીતાર આપે છે. શાળા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર દ્વારા આફત સામેની પુર્વતૈયારીના ભાગરૂપે વિવિઘ પ્રવૃતિઓ જેવી કે જાગૃતિનિર્માણ કામગીરી, તાલીમ, કાર્યક્રમો, શેરી, નાટકો, નિબંઘ સ્પર્ઘા તથા આયોજન તૈયાર કરવામાં આવે તો નુકશાનીની માત્રામાં ચોકકસથી ઘટાડો કરી શકાય જેમાં આ શાળા આપત્તિ વ્યવસ્થાપન યોજના માર્ગદર્શકરૂપ નિવડશે. જીલ્લા પ્રાથમીક શિક્ષણાઘિકારી તથા જીલ્લા શિક્ષણાઘિકારી દ્વારા તેમના કાર્યક્ષેત્રમાં આવેલ તમામ શાળાઓમાં આ કાર્યક્રમ અમલી બનાવી સમયાંતરે અપડેશન કરવામાં આવે તે પણ ખુબજ જરૂરી છે. દર વર્ષે તમામ શાળાઓ દ્વારા કૃત્રીમ કવાયતો હાથ ઘરી ભવિષ્યમાં આવનારી આફતોથી વિદ્યાર્થીઓનું ક્ષમતાવર્ઘન કરવામાં આવે તે પણ ખુબજ જરૂરી છે.

તો ચાલો આવનાર પેઢીને આવનાર સમય તથા આફતો અંગે સતર્ક કરી આપણી જવાબદારી નિભાવીએ. કારણ કે આપણે સૌ જાણીએ છીએ કે

"આફત સામેની પુર્વ તૈયારી એ જ ઉપાય."

GSDMA

SAFE SCHOOL
GUJARAT SCHOOL SAFETY INITIATIVE



# સંદેશો

આપત્તિને અવસર સમજીને જે તેમાંથી બહાર નીકળે તે જીંદગીને જીવી જાણે છે. અચાનક વિશાળ પાયે આવી પડતી કમનશીબ ઘટનાઓ પાયાના માળખામાં તથા માનવસમાજના સામાન્ય જીવને અસ્તવ્યસ્ત કરે છે, તેનું નામ **"આપત્તિ"**. પડકારોનો પ્રતિકાર કરી, મુશ્કેલીઓના મહાસાગરમાંથી મરજીવો બની જીવન જીવવાના અણમોલ મોતી હાંસલ કરે છે, તે **"મનુષ્ય"** છે.

ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (જી.એસ.ડી.એમ.એ.)ધ્વારા શાળા–મહાશાળાઓમાં આપત્તિ વ્યવસ્થાપન અંગેનુ શિક્ષણ–પ્રશિક્ષણ, નિદર્શન તથા તાલીમો અપાય છે. શાળાઓમાં આપત્તિના સમયે ઉપયોગમાં લઇ શકાય તેવા શાળા આપત્તિ વ્યવસ્થાપન યોજના બનાવી જેમાં ઇમરજન્સી સંપર્ક નંબર તથા આપત્તિ સમયે **"શું કરવુ અને શું ન કરવુ"** વગેરેનો સમાવેશ કરેલ છે. જે શાળાઓને સલામતી બક્ષે છે. શાળા–મહાશાળાઓમાં કોઇ અકસ્માત ન સર્જાય તે માટે તમામ આચાર્યશ્રીઓ અને અધ્યાપક શિક્ષકો અને વિધાર્થીઓને સજ્જ કરવામાં આવે છે. ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ ૨૦૦૩ ધ્વારા આ અંગેના અમલીકરણ માટેનો અભિગમ અને વ્યુહરચના ઘડી છે.

આ શાળાઓને અગ્નિ શામક સાધનોથી સજ્જ કરવામાં આવેલ છે. સ્કુલ મેનેજમેન્ટ કમિટિના સંકલનમાં રહી શાળાઓએ પોતાના શાળાનો સેફટી પ્લાન તૈયાર કરી તેનુ અમલીકરણ કરે તથા દરેક શાળામાં ડીઝાસ્ટર મેનેજમેન્ટને લગતી અગત્યની બાબતો અને પુર્વ સાવચેતીના પગલા માટેના દિશા–નિર્દેશ કરતા ચિન્હો, લખાણો અને ચિત્રો દિવાલ ઉપર લગાવે તે ઇચ્છનીય છે. શાળાઓની મુલાકાત દરમ્યાન શાળાના પ્રાંગણનું અને પ્રિમાઇસીસનું સુક્ષ્મ અવલોકન થાય અને એવી કોઈ પણ બાબતો જે કુદરતી તથા માનવસર્જીત અકસ્માત સર્જી શકે તેવી હોય તો વિવિધ વિભાગો ધ્વારા તેનુ નિરાકરણ થાય તે ખુબ જરૂરી છે.

શાળા આપત્તિ વ્યવસ્થાપન યોજના ધ્વારા આપત્તિઓના જોખમો કઇ રીતે નિવારી કે ઘટાડી શકાય તે અંગેની તમામ બાબતો અને સેફટી અંગેના સુચિતાર્થો દર્શાવે છે. જે ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળની સરાહનીય પ્રયાસને આપણે હ્રદયના ઉમળકાથી આવકારીયે.

"આપણે સલામત રહીયે અને અન્યને પણ સલામત રાખીએ."

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
શિક્ષણ શાખા, જિલ્લા પંચાયત
ભુજ–કચ્છ

# ::વિષય અનુસુચિ::


| ક્રમ | વિષય વસ્તુ | પાના નંબર |
|---|---|---|
| ૧ | વિભાગ-૧, પૂર્વભુમિકા | ૧ |
| ૨ | વિભાગ-૨. હોનારત, જોખમ અને નબળાઇની આકારણી કરવી. | ૨ |
| ૩ | વિભાગ-૩. તૈયારી (સુસજ્જતા) | ૬. |
| ૪ | વિભાગ-૪. પ્રતિકાર | ૧૨ |
| ૫ | વિભાગ-૫ શમન | ૧૭ |
| ૬ | પરિશિષ્ટ-૧ સરકારને કટોકટી/આપત્તિની જાણ કરવા માટેનું પત્રક | ૧૮ |
| ૭ | પરિશિષ્ટ-૨ શાળાનો નમુનારૂમ ભૌતિક નકશો | ૧૯ |
| ૮ | પરિશિષ્ટ-૩ | ૨૦ |
| ૯ | પરિશિષ્ટ-૪ | ૨૨ |
| ૧૦ | પરિશિષ્ટ-૫ | ૨૩ |
| ૧૧ | પરિશિષ્ટ-૬ વિદ્યાર્થિઓની વર્ગવાર માહિતી | ૨૯ |
| ૧૨ | પરિશિષ્ટ-૭ શૈક્ષણિક કર્મચારીઓની માહિતી | ૩૧ |
| ૧૩ | પરિશિષ્ટ-૮ બિન-શૈક્ષણિક કર્મચારીઓની માહિતી | ૩૨ |
| ૧૪ | પરિશિષ્ટ-૯ કટોકટી/આપત્તિ પરિશિષ્ટ માટે અગત્યના સંપર્કની માહિતી | ૩૨ |
| ૧૫ | પરિશિષ્ટ-૧૦ સભ્યોની વિગતો | ૩૩ |
| ૧૬ | નકશાઓ | ૩૬ |
| ૧૭ | સંક્ષિપ્ત | ૪૦ |

GSDMA

SAFE SCHOOL
GUJARAT SCHOOL SAFETY INITIATIVE

## વિભાગ-૧, પૂર્વભુમિકા

### (અ) શાળાની માહિતી (રૂપરેખા)

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| શાળાનું નામ | શ્રી વીડી પં. પ્રાથમિક શાળા | | | | | | | | | | | | |
| શાળાનો નંબર- | ૨ | ૪ | ૦ | ૧ | ૦ | ૪ | ૦ | ૫ | ૨ | ૦ | ૧ | | |
| બોર્ડ સાથે સંકલન- | જી.એસ.ઇ.બી.(GSEB) | | | | | | | | | | | | |
| બોર્ડનો નોંધણી નંબર- | - | | | | | | | | | | | | |

| | | |
|---|---|---|
| સરનામું | સ્થળ | મું. વીડી |
| | સર્વે નં./મ્યુનિસિપલ બોર્ડ નં. | ૧૯૨ |
| | ગામ/નગર/શહેર | વીડી |
| | વસ્તી ગણતરી કોડ | - |
| | તાલુકો | અંજાર |
| | જિલ્લો | કચ્છ |
| | એસવીએસ નં. (જો હોય તો) | - |
| | જીપીએસ સંકલન | - |
| | ટેલિફોન | ૯૯૨૫૦ ૯૯૦૨૦ |
| | ફેક્સ | - |
| | ઇ-મેઇલ | dipakdave81@gmail.com |
| | વેબ સરનામું | - |
| શાળાનો પ્રકાર | ખાનગી/સરકારી | સરકારી |
| | અનુદાનિત/બિનઅનુદાનિત | અનુદાનિત |
| | કુમાર/કન્યા/સંયુક્ત | સંયુક્ત |
| | પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક | પ્રાથમિક |
| | અંગ્રેજી/ગુજરાતી/અન્ય | ગુજરાતી |

| | સવારની પાળી | | બપોરની પાળી | | અન્ય |
|---|---|---|---|---|---|
| શાળાનો સમય | | | ✓ | | |
| કુલ વિદ્યાર્થી | કુમાર | કુમારી | કુમાર | કુમારી | |
| ૪૪૧ | | | ૨૩૩ | ૨૦૮ | |
| શૈક્ષણિક સ્ટાફ | | | ૧૪ | | |
| બિન-શૈક્ષણિક સ્ટાફ | - | | - | | |
| સંચાલન સ્ટાફ | - | | - | | |
| આચાર્યનું નામ | શ્રી દિપક એન. દવે | | | | |

| | | |
|---|---|---|
| સંપર્કની વિગતો | ટેલિફોન | - |
| | મોબાઇલ | ૯૯૨૫૦ ૯૯૦૨૦ |
| | ફેક્સ | - |
| | ઇ-મેઇલ | dipakdave81@gmail.com |

(બ) યોજનાનો હેતુ અને ઉદ્દેશ્ય-

- શાળામાં આપત્તિના અસરકારક વ્યવસ્થાપન માટે જરૂરી સમગ્ર માહિતી વિગતવાર અને પધ્ધતિસર એકત્ર કરવી.
- શાળામાં કટોકટી પ્રતિકાર પધ્ધતિ સ્થાપવી.
- કોઇપણ કટોકટીના પ્રતિકાર માટે શાળા-સમુહને સુસજ્જ કરવો.
- અસરકારક પ્રતિકાર માટે ભુમિકા અને જવાબદારીઓ નક્કી કરવી.
- શાળા-સમુહમાં જાગૃતિ કેળવવી તથા તેમની ક્ષમતા વધારવી.
- વિવિધ શમન પ્રવૃત્તિઓનો અમલ કરવો.
- વિવિધ સ્ટેક હોલ્ડર્સમાં સહભાગીદારીમાં વૃધ્ધિ કરવી.

વિભાગ-૨. હોનારત, જોખમ અને નબળાઇની આકારણી કરવી.

હોનારતો એ એવી ઘટનાઓ કે ભૌતિક પરિસ્થિતિ છે કે જેનાથી દુર્ઘટનાઓ, વ્યક્તિઓ ઘાયલ થવી, માલમિલ્કતને નુકશાન, મૂળભુત માળખાને નુકશાન, કૃષિ વિષયક નાશ, તથા પર્યાવરણને હાનિ વ્યાપાર-ધંધા ખોરવાઇ જાય અથવા અન્ય પ્રકારની હાનિ કે નુકશાન થવાની પણ શક્યતાઓ રહે છે.

જોખમ એ શક્યતાનું સંલગ્ન પાસું છે કે જેનાથી હોનારત સર્જાય. જોખમને ભયજનક શક્યતાઓ સાથે સરખાવ્યું છે અથવા તો તેનાથી હાનિ કે નુકશાન પણ થઇ શકે છે.

નબળાઇ(અસમર્થતા) એ એવી પરિસ્થિતિ છે કે જેમાં ભૂભાગની આપત્તિજનક પ્રાકૃતિક સ્થિતિ પ્રત્યે તેનું સર્જન કે સામયિક સમીપતના તેના લક્ષણો દ્વારા માનવ વસવાટ, મકાનો, કૃષિ પાક અથવા માનવ સ્વાસ્થ્ય વિષયક સમસ્યાઓ સર્જાય છે.

હોનારત, જોખમ તથા અસમર્થતા(નબળાઇ)ની આકારણીનો મુખ્ય ઉદ્દેશ્ય કોઇ પણ હોનારતના વૈકલ્પિક અનિચ્છિત પરિણામો પર જોખમ આધારીત ઉપાયો શોધવાનો છે તથા નબળાઇ (અસમર્થતા) ઓ પણ ખાસ ધ્યાન આપવું, હોનારતો ઘટાડવી તથા પ્રતિકાર કરવા માટે સુસજ્જતા કેળવવાનો છે.

આ માટે ઓછામાં ઓછું નુકશાન થાય તથા માનવ-જીવનને બચાવવામાં ઉભી થતી સમસ્યાઓ તથા શક્ય ઉપાયો અગાઉથી જ વિચારવામાં આવે છે.

(અ) બિન-માળખાકીય આકારણી

ભૂકંપ થયા બાદ, લગભગ ૯૦% થી પણ વધુ નુકશાન બિન-માળખાકીય પ્રકારનું હોય છે. ભૂકંપ દરમિયાન, મકાનો પડી જવાના કારણે ઘાયલ થનાર વ્યક્તિઓની સંખ્યા સૌથી વધુ હોય છે.

બિન-માળખાકીય ઘટકો એ મકાનના એવા ઘટકો હોય છે જે નિષ્ફળ જવાથી સમગ્ર મકાન પડી જશે નહીં. આ ઘટકો માટેના માળખાકીય ઘટકો ઉપર આધાર રાખે છે તથા પેરાફિટ (કઠેડી), બારી-દરવાજા જેવા બહારના ઘટકો તથા જીર્ણ થયેલ છત, બત્તીઓ જેવા અંદરના ઘટકો તથા એસી, ગેસ, પાણીના જોડાણની પાઇપો જેવી મકાનમાં રહેલી પાયાની આવશ્યકતાઓ તથા મકાનમાં રહેલા ટેબલ, ખુરશી, ફાઇલોના ઘોડા, કોમ્પ્યુટર, ફોટા વગેરેનો પણ સમાવેશ થઇ જાય છે.

જોખમને નક્કી કરવા તથા તેને ઘટાડવા માટે આ ઘટકોના કયાસને બિન-માળખાકીય કયાસ તરીકે ઓળખવામાં આવે છે.

| ક્રમાંક | બિન-માળખાકીય સમસ્યાનો પ્રકાર | સ્થળ | સમસ્યા ઉકેલવા માટે જરૂરી પગલાંઓ | જવાબદારી |
|---|---|---|---|---|
| ૧ | ફાઇલોના ઘોડા | ઓફિસમાં | સમયસર ચેકીંગ હાથ ધરી રિપેરીંગ | આચાર્યશ્રી |
| ૨ | ટેકાઓ | - | - | - |
| ૩ | છાજલીઓ | - | - | - |
| ૪ | કોમ્પ્યુટર્સ | કો. લેબ | - | આચાર્યશ્રી |
| ૫ | સ્ટોરેજ કેબિનેટસ | ઓફિસમાં | સમયસર ચેકીંગ હાથ ધરી રિપેરીંગ | આચાર્યશ્રી |
| ૬ | દિવાલ પર લટકાવેલ ચીજવસ્તુઓ | વર્ગખંડમાં | - | શિક્ષકશ્રી |
| ૭ | આગ શામકો | ઓફિસમાં | - | આચાર્યશ્રી |
| ૮ | રેફ્રીજરેટર્સ | ઓફિસમાં | સમયસર ચેકીંગ હાથ ધરી રિપેરીંગ | આચાર્યશ્રી |
| ૯ | જીર્ણ થઇ ગયેલ/તુટી ગયેલ છતોના ભાગ | - | - | - |
| ૧૦ | લાઇટ માટે બેસાડેલ ચીજ | - | - | - |
| ૧૧ | ટ્રેક લાઇટ્સ | - | - | - |
| ૧૨ | બ્લેકબોર્ડસ | વર્ગખંડમાં | - | શિક્ષકશ્રી |
| ૧૩ | પ્રોજેક્શન સ્કીન | ઓફિસમાં | સમયસર ચેકીંગ હાથ ધરી રિપેરીંગ | આચાર્યશ્રી |
| ૧૪ | એસી | - | - | - |
| ૧૫ | વીજળીના વાયરો | વર્ગખંડમાં | - | આચાર્યશ્રી |
| ૧૬ | કાચની મોટી બારીઓ | વર્ગખંડમાં | સમયસર ચેકીંગ હાથ ધરી રિપેરીંગ | આચાર્યશ્રી |
| ૧૭ | ગ્લેઝ પાર્ટીશન્સ | - | - | - |

નોંધ- ઉપરોક્ત યાદી દર્શાત્મક છે. હોનારત, જોખમ તથા અસમર્થતાનો કયાસ કરતી વખતે, જો તેમને યોગ્ય લાગે તો ઉપરોક્ત યાદીમાં વધુ વિગતો શાળાઓ ઉમેરી શકે છે.

(બ) માળખાકીય આકારણી-

મકાનના માળખાકીય ઘટકો મકાનના માળખાકીય અંગો છે કે જેથી મકાન બનેલું છે. તેમાં પાયો, કોલમ્સ, બીમ્સ, ફ્લોરની પધ્ધતી, છતની પધ્ધતી તથા માળખાકીય અંગ, મકાનના સંપૂર્ણ માળખાને ધરાશાયી કરી શકે છે. મકાનના આ માળખાકીય અંગોના કયાસને માળખાકીય કયાસ તરીકે ઓળખવામાં આવે છે.

| ક્રમાંક | માળખાકીય સમસ્યાનો પ્રકાર | સ્થળ | સમસ્યાના ઉકેલ માટે જરૂરી પગલાં | જવાબદારી |
|---|---|---|---|---|
| ૧ | સેસ્મિક બેન્ડની ઉપસ્થિતિ | - | શિક્ષકશ્રીઓ દ્વારા ચેકીંગ કરાય છે | - |
| ૨ | ફ્લોટીંગ કોલમ | - | - | - |
| 3 | શોર્ટ કોલમ | - | - | - |
| ૪ | એક્સપાનશન જોઇન્ટ | - | - | - |
| ૫ | મોટા દરવાજા | - | - | - |
| ૬ | બીમનું કદ | - | - | - |
| ૭ | કોલમનું કદ | - | શિક્ષકશ્રીઓ દ્વારા ચેકીંગ કરાય છે | - |
| ૮ | ટૂંકા કોલમનો વધેલો અંતિમ ભાગ | - | - | - |
| ૯ | સીડી | - | - | - |
| ૧૦ | છાપરૂં | - | - | - |
| ૧૧ | દિવાલમાંથી કોન્ક્રીટ ફુલી જવું (બહાર આવી જવું) | - | - | - |
| ૧૨ | માળની ઉંચાઇ | - | શિક્ષકશ્રીઓ દ્વારા ચેકીંગ કરાય છે | - |
| ૧3 | પેસેજનું કદ | - | - | - |
| ૧૪ | મકાનના કોઇપણ ભાગમાં પડેલી તિરાડ | - | - | - |
| ૧૫ | ખુલ્લા અને કાટ ખાઇ ગયેલા સ્ટીલના સળિયા | - | શિક્ષકશ્રીઓ દ્વારા ચેકીંગ કરાય છે | |

(સી) શાળા પરિસરની બહાર હોનારતો ઓળખવી.

| ક્રમાંક | હોનારતનો પ્રકાર | સ્થળ | શમન માટેના જરૂરી પગલાં |
|---|---|---|---|
| ૧ | રાસાયણિક ફેક્ટરી | - | - |
| ૨ | હાઇટેન્શન લાઇન | - | - |
| 3 | પેટ્રોલ પમ્પસ | - | - |
| ૪ | પ્રોસેસિંગ એકમો | - | - |
| ૫ | જીર્ણ થઇ ગયેલાં મકાનો | - | - |
| ૬ | નબળા વિજળીના થાંભલા | - | - |
| ૭ | કૃષિ ઉત્પાદનોના પ્લાન્ટસ | - | - |
| ૮ | ઓઇલ પાઇપ લાઇન | - | - |
| ૯ | ખુલ્લી ગટરો/મોરી | - | - |
| ૧૦ | ધોરી માર્ગ | વીડી | સ્પીડ બ્રેકર બનાવવા પંચાયતને જાણ કરેલ |
| ૧૧ | આપત્તિજનક પદાર્થોના ગોડાઉનો | - | - |
| ૧૨ | ગેસ પાઇપલાઇન | - | - |

(ડી) શાળા અસરગ્રસ્ત થઇ હોય તેવી ભૂતકાળની આપત્તિઓ/અકસ્માતો

| ક્રમાંક | આપત્તિ/અકસ્માત | તારીખ | અસરગ્રસ્ત વિદ્યાર્થિઓની સંખ્યા | ઘટનાનું વર્ણન તથા ઘટના દરમ્યાન પ્રતિકાર કેવો હતો તથા ઘટનાનું વર્ણન |
|---|---|---|---|---|
| ૧ | ભૂકંપ | ૨૬/૧/૨૦૦૧ | - | - |
| ૨ | વાવાઝોડું | - | - | - |
| ૩ | પૂર | - | - | - |
| ૪ | ત્સુનામી | - | - | - |
| ૫ | વિજળી | - | - | - |
| ૬ | માર્ગ અકસ્માત | - | - | - |
| ૭ | બોમ્બ વિસ્ફોટ | - | - | - |
| ૮ | હુલ્લડો | - | - | - |
| ૯ | આત્મહત્યા | - | - | - |
| ૧૦ | પશુ કરડવું | - | - | - |
| ૧૧ | નાસભાગ | - | - | - |
| ૧૨ | રાસાયણિક અકસ્માત | - | - | - |
| ૧૩ | ફુડ પોઇઝનીંગ | - | - | - |
| ૧૪ | રોગચાળો(સ્વાઇન ફ્લુ, શીતળા, ઓરી, અબછડા વગેરે) | - | - | - |
| ૧૫ | ન્યુક્લિયર અને રેડીયોલોજીકલ | - | - | - |

(ઇ) શાળા પરિસરમાં ભયજનક વિસ્તારો નક્કી કરવા.

| ક્રમ | ભયજનક વિસ્તારો | સ્થળ | શમનના પગલાં |
|---|---|---|---|
| ૧ | કેમીસ્ટ લેબ | - | - |
| ૨ | ફીઝીક્સ લેબ | - | - |
| ૩ | બાયોલોજી લેબ | - | - |
| ૪ | સાંકડી સીડીઓ | - | - |
| ૫ | તુટેલી ખંડીચર થયેલ છતો (ભયજનક, જોખમકારક) | - | - |
| ૬ | વીજળીના ખુલ્લા વાયરો | - | - |
| ૭ | રસોડાની જગ્યા | - | - |
| ૮ | અયોગ્ય લાઇટનીંગવાળા કોરીડોર્સ | - | - |
| ૯ | અયોગ્ય ચઢાણ | - | - |

## વિભાગ-૩. તૈયારી (સુસજ્જતા)

સુસજ્જતા એટલે એવી પ્રવૃત્તીઓ કરવી કે જે વિવિધ હોનારતોના જોખમોને ઘટાડે, પ્રતિકાર કામગીરી અસરકારક બનાવે તથા ક્ષમતામાં વૃધ્ધી કરે તે હેતુ સાથેની હોય છે. આપત્તિ સામેની તૈયારી આપત્તિની અસરો ઘટાડવા માટે આપત્તિની પરિસ્થિતી ઉભી થાય તે પહેલાં પ્રતિકાર ક્ષમતામાં વધારો કરવો. શાળાના કર્મચારીઓ માટે કોઇપણ આપત્તિની પરિસ્થિતિનો પ્રતિકાર કરવા કટિબધ્ધ થવું એ ખૂબ જ મહત્વની બાબત છે. બાળકો કે જેઓ આવતીકાલનું ભાવિ છે, તેમને સુરક્ષિત શિક્ષણ પર્યાવરણ મળવું જોઇએ તથા કોઇપણ કટોકટીની પરિસ્થિતિનો પ્રતિકાર કરવા માટે થવું જોઇએ. આનો મહાવરો કરવા એવું સુચન કરવામાં આવે છે કે દરેક શાળાએ, આપત્તિમાં વધુ સારી તૈયારી તથા પ્રતિકાર કરવા માટે પેટા-સમિતિઓ/ટીમો સહિત શાળા ડીએમ સમિતિની રચના કરવી જોઇએ.

### (એ) શાળા આપત્તિ વ્યવસ્થાપન સમિતિની રચના (એસડીએમસી)

શાળાએ પ્રતિકાર યોજના અંગે વિવિધ તૈયારીઓ તથા શમન, પ્રવૃત્તિઓના સંચાલન માટે **શાળા આપત્તિ વ્યવસ્થાપન સમિતિની** રચના કરવી જોઇએ. એસડીએમસી (**શાળા આપત્તિ વ્યવસ્થાપન સમિતિ**) સમગ્ર વર્ષ દરમિયાન કાર્યરત રહેવી જોઇએ. એસડીએમસીએ (**શાળા આપત્તિ વ્યવસ્થાપન સમિતિ**) શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા અન્ય કર્મચારીઓ આ પ્રકારની પ્રવૃત્તિઓથી સુમાહિતગાર થાય તે માટે વિવિધ પ્રવૃત્તિઓનું સંચાલન તથા કોઇપણ કટોકટીની પરિસ્થિતિ સામે પ્રતિકાર કરવા તેમને તાલીમબધ્ધ કરવા જોઇએ. એસડીએમસીએ (**શાળા આપત્તિ વ્યવસ્થાપન સમિતિ**) વિવિધ સ્ટેક હોલ્ડરોને એક છત્ર નીચે લાવવા જોઇએ કે જેથી દરેક સ્ટેક હોલ્ડરનો સતત પ્રયાસ, શિક્ષણ માટે સલામત વાતાવરણ તથા નિરવ શાંતિ સહિતની શાળા માટેનું વાતાવરણ ઉભું કરી શકે.

| ક્રમાંક | નામ | એસડીએમસીમાં હોદ્દો | સંપર્ક નંબર |
|---|---|---|---|
| ૧ | દિપક એન. દવે | અધ્યક્ષ (આચાર્ય) | ૯૯૨૫૦૯૯૦૨૦ |
| ૨ | - | વ્યવસ્થાપક/કમાન્ડર (ઉપાચાર્ય) | - |
| ૩ | - | સલામતી અધિકારી/રમતગમત શિક્ષક | - |
| ૪ | દિપક એન. દવે | શાળા વહીવટદાર | ૯૯૨૫૦૯૯૦૨૦ |
| ૫ | શ્રી બી.સી.સોલંકી | ડીપીઇઓ/ડીઇઓ અથવા તેમના પ્રતિનિધિ | ૦૨૮૩૨- |
| ૬ | ટીડીઓ-અંજાર | ટીડીઓ અથવા તેમના પ્રતિનિધિ | ૦૨૮૩૬- |
| ૭ | શ્રી અલીમામદ શેખ | પંચાયતના પ્રતિનિધિ | ૯૭૨૭૩૩૬૧૫૬ |
| ૮ | નગરપાલિકા, અંજાર | નજીકના ફાયર સ્ટેશનના પ્રતિનિધિ | ૦૨૮૩૬- |
| ૯ | અંજાર | નજીકના પોલિસ સ્ટેશનના પ્રતિનિધિ | ૦૨૮૩૬- |
| ૧૦ | શ્રીમતિ સુર્યાબેન | નજીકના આરોગ્ય કેન્દ્રના પ્રતિનિધિ | ૭૫૬૭૫૯૩૪૯૨ |
| ૧૧ | શ્રી વિરમભાઈ કોલી | વાલી-શિક્ષકમંડળના પ્રમુખ | ૯૯૦૯૭૨૩૨૨૧ |
| ૧૨ | શ્રી રાકેશ એસ. પટેલ | વિજ્ઞાન શિક્ષક | ૯૬૨૪૦૫૯૮૨૭ |
| ૧૩ | શ્રી દિપક એન. દવે | જાગૃતિ કેળવણી તથા સંદેશા વ્યવહાર ટુકડીના વડા | ૯૯૨૫૦૯૯૦૨૦ |

| | | | |
|---|---|---|---|
| ૧૪ | શ્રી એમ. એસ. ચાવડા | પ્રાથમિક સારવાર ટુકડીના વડા | ૯૮૨૫૩૭૩૩૦૨ |
| ૧૫ | શ્રી આર.એન.મોકણાંજીયા | શોધ અને બચાવ ટુકડીના વડા | ૯૪૨૭૨૫૩૦૬૧ |
| ૧૬ | શ્રી આર. એસ. પટેલ | સ્થળાંતર ટુકડીના વડા | ૯૬૨૪૦૫૯૮૨૭ |
| ૧૭ | શ્રી બી. વી. પટેલ | સ્થળ સુરક્ષા ટુકડીના વડા | ૯૦૯૯૨૯૨૮૭૪ |
| ૧૮ | શ્રી જે. એલ. પટેલ | વાહનવ્યવહાર વ્યવસ્થાપન ટુકડીના વડા | ૯૪૨૮૩૨૯૦૨૯ |
| ૧૯ | શ્રી વી. આર. માલીવાડ | આગ સુરક્ષા ટુકડીના વડા | ૯૪૨૪૧૪૭૯૨૧ |

**(બ) એસડીએમસી (શાળા આપત્તિ વ્યવસ્થાપન સમિતિ) પેટા સમિતિની રચના**

નીચેની પેટા- સમિતિઓ/ટુકડીઓની રચના કરવી જોઇએ અને તે એસડીએમસી (શાળા આપત્તિ વ્યવસ્થાપન સમિતિ) હેઠળ કામગીરી કરશે.

૧. જાગૃતિ કેળવણી તથા સંદેશાવ્યવહાર ટુકડી
૨. પ્રાથમિક સારવાર ટુકડી
૩. શોધ અને બચાવ ટુકડી
૪. સ્થળાંતર ટુકડી
૫. સ્થળ સુરક્ષા ટુકડી
૬. વાહનવ્યવહાર વ્યવસ્થાપન ટુકડી
૭. આગ સુરક્ષા ટુકડી

**(સી) કાયમી જંગમ ચીજવસ્તુઓ**

**(૧) શાળા પરિસરમાં ઉપલબ્ધ હોય તેવી કાયમી જંગમ ચીજવસ્તુઓની યાદી**

| ક્રમાંક | કાયમી જંગમ ચીજવસ્તુઓ | સંખ્યા | ભૌતિક પરિસ્થિતિ | શરત |
|---|---|---|---|---|
| ૧ | પ્રાથમિક સારવાર | ૧ | સારી | - |
| ૨ | આગ શામકો | ૧ | સારી | - |
| ૩ | બેટરી | - | - | - |
| ૪ | જાડા દોરડાં | - | - | - |
| ૫ | રેતીની ડોલ | ૫ | સારી | - |
| ૬ | કોમ્પ્યુટર લેબ | ૧ | સારી | - |
| ૭ | ભૌતિકવિજ્ઞાન લેબ | - | - | - |
| ૮ | રસાયનશાસ્ત્ર લેબ | - | - | - |
| ૯ | જીવ વિજ્ઞાન લેબ | - | - | - |
| ૧૦ | કેન્ટીન (અલ્પાહાર ગૃહ) | - | - | - |
| ૧૧ | પીવાના પાણીની સુવિધા | ૧ | સારી | - |
| ૧૨ | શૌચાલય | ૨ | સારી | - |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩ | શાળાનું રમતગમતનું મેદાન | ૧ | સારી | - |
| ૧૪ | ગ્રંથાલય | ૧ | સારી | - |
| ૧૫ | શાળામાં ઓરડાઓ (વર્ગ, સ્ટાફ, આચાર્ય, વહીવટીતંત્ર) | ૧૪ | સારી | - |
| ૧૬ | છાત્રાલય | - | - | - |

(૨) શાળા પરિસરની બહાર ૫ કિ.મી.ના અંતરમાં ઉપલબ્ધ વસ્તુઓની યાદી

| ક્રમાંક | કાયમી જંગમ ચીજવસ્તુઓ | સંખ્યા | ભૌતિક પરિસ્થિતિ | શરત |
|---|---|---|---|---|
| ૧ | હોસ્પિટલ | - | - | - |
| ૨ | પોલિસ સ્ટેશન | - | - | - |
| ૩ | ફાયર સ્ટેશન | - | - | - |
| ૪ | બ્લડ બેંક | - | - | - |
| ૫ | ફાર્મસી | - | - | - |
| ૬ | સ્વૈચ્છિક સંસ્થાઓ (એન.જી.ઓ.) | - | - | - |
| ૭ | નાગરિક સંરક્ષણ | - | - | - |
| ૮ | રેશનની દુકાન | ૧ | સારી | - |
| ૯ | રેસ્ટોરન્ટ | - | - | - |
| ૧૦ | ધાર્મિક સ્થળ (મંદિર,મસ્જિદ,ચર્ચ વગેરે | ૨ | સારી | - |

ડી. શાળાનો નકશો

શાળાનો નકશો એ યોજનાનો આવશ્યક ભાગ છે. તેમાં સમગ્ર શાળા અને આજુબાજુના વિસ્તારનું પ્રાથમિક પરિસ્થિતી વિષયક માહિતી (વર્ગીકરણ) હોવું જરૂરી છે. જે પૈકી ૩ પ્રકારના નકશાઓ હોવા જોઇએ કે જે શાળા ડીએમ યોજના હેઠળ તૈયાર કરાવવા જરૂરી છે.

૧. શાળાનો ભૌતિક નકશો (જુઓ પરિશિષ્ટ-૨)

શાળા ભૌતિક નકશામાં નીચેના માહિતીનો સમાવેશ કરવો જોઇએ.

- શાળામાં વર્ગખંડોની સંખ્યા
- સ્ટાફ રૂમોની સંખ્યા
- આચાર્ય અને ઉપાચાર્યના રૂમ
- શૌચાલય અને અન્ય રૂમ
- ભૌતિકવિજ્ઞાન રસાયનશાસ્ત્ર, જીવવિજ્ઞાન તથા કોમ્પ્યુટર જેવી વિવિધ લેબ્સ
- રમતનું મેદાન તથા ખુલ્લી જગ્યા

૨. ચીજવસ્તુઓનો નકશો (પરિશિષ્ટ-૩)

આ નકશામાં નીચેની માહિતીનો સમાવેશ હોવો જોઇએ.

- શાળા પરિસરમાં ઉપલબ્ધ આગશામક, દોરડાં, પ્રાથમિક સારવાર પેટી વગેરે જેવી અગત્યના સાધનો.
- ફાયર સ્ટેશન, હોસ્પિટલ/પીએચસી, પોલિસ સ્ટેશન, નાગરિક સંરક્ષણ કચેરી, ઇ.ઓ.સી. વગેરે જેવા નજીકમાં ઉપલબ્ધ સાધનો.
- નજીકનું બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન, ઓટો રીક્ષા સ્ટેશન.
- શાળા પરિસર નજીક આવેલા તળાવ, નદીઓ, ઉંચા/નીચા મેદાનો, દરિયાકિનારો વગેરે જેવા ભૌગોલિક સ્થળો.

૩. સ્થળાંતર નકશો (જુઓ પરિશિષ્ટ-૪)

આ નકશામાં નીચેની માહિતી હોવી જોઇએ.

- સ્થળાંતરમાં બધી જ સીડીઓ, બારી બારણાં દર્શાવેલા હોવા જોઇએ.
- સ્થળાંતરમાં બહાર નીકળવાના માર્ગો સ્પષ્ટ રીતે દર્શાવેલા હોવા જોઇએ.
- સ્થળાંતરમાં વર્ગખંડ, સ્ટાફરૂમ વગેરેમાંથી બહાર જવાના વિવિધ માર્ગો દર્શાવેલા હોવા જોઇએ.
- સ્થળાંતર નકશો શાળામાં વિવિધ સ્થળોએ રાખવો જોઇએ તથા તેને લાલ રંગમાં "તમે અહીં છો" તે દર્શાવવું જોઇએ કે જેથી જે કોઇ નકશાનો ઉપયોગ કરે તેને નજીકનો બહાર જવાનો માર્ગ તથા સ્થળાંતરનો માર્ગ પણ મળી શકે.
- શક્ય હોય તો વૈકલ્પિક માર્ગો પણ દર્શાવવા.

**ઇ. શાળામાં વિવિધ સુસજ્જતા પ્રવૃત્તિઓ ચલાવવા માટે વાર્ષિક કેલેન્ડર**

વિવિધ સુસજ્જતા પ્રવૃત્તિઓ ચલાવવા માટે અન્ય સ્ટેક હોલ્ડરોના પરામર્શમાં રહીને શાળા વહીવટી તંત્ર (એસડીએમસી) દ્વારા વાર્ષિક કેલેન્ડર તૈયાર કરાવવું જોઇએ. આ કેલેન્ડર વિદ્યાર્થિઓના ક્ષમતાવૃધ્ધીમાં મદદ કરશે તથા વિવિધ સાધનો મારફતે જાગૃતી પણ કેળવશે.

| મહિનો / સુસજ્જતા પ્રવૃત્તિઓ | જાન્યુ | ફેબ્રુ | માર્ચ | એપ્રીલ | મે | જુન | જુલાઇ | ઓગસ્ટ | સપ્ટે | ઓક્ટો | નવે | ડિસે |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પોસ્ટર | | | | | | | | | | | | |
| ચર્ચા સભા | | | | | | | | | | | | |
| ક્વીઝ | | | | | | | | | | | | |
| ફિલ્મ સ્ક્રીનીંગ | | | | | | | | | | | | |
| રેલી | | | | | | | | | | | | |
| સ્થળની મુલાકાત | | | | | | | | | | | | |
| મહાનુભવોના પ્રવચન | | | | | | | | | | | | |
| નિદર્શન | | | | | | | | | | | | |

**એફ. મોકડ્રીલ ચલાવવા માટેની કાર્ય યોજના.**

મોકડ્રીલ એ સુસજ્જતા પ્રવૃત્તિનો ભાગ છે અને તે શાળા સલામતી તથા ક્ષમતાવર્ધન હેઠળ અગત્યની બાબત છે. તેથી, શાળામાં નિયમિત રીતે મોકડ્રીલ્સનું આયોજન કરવું જોઇએ. વિગતવાર માહિતી માટે જીએસડીએમએ દ્વારા તૈયાર કરાયેલ મોકડ્રીલના સંચાલન માટે માર્ગદર્શિકાઓ જુઓ.

| મહિનો / મોકડ્રીલ | જાન્યુ | ફેબ્રુ | માર્ચ | એપ્રીલ | મે | જુન | જુલાઇ | ઓગસ્ટ | સપ્ટે | ઓક્ટો | નવે | ડિસે |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ભૂકંપ | | | | | | | | | | | | |
| આગ | | | | | | | | | | | | |
| પૂર | | | | | | | | | | | | |
| ત્સુનામી | | | | | | | | | | | | |
| વાવાઝોડું | | | | | | | | | | | | |
| ઔદ્યોગિક અકસ્માત | | | | | | | | | | | | |

જી. ક્ષમતાવર્ધન અને તાલીમ

શિક્ષકો, વિદ્યાર્થિઓ તથા અન્ય કર્મચારીઓ માટે ક્ષમતાવર્ધન તથા તાલીમ અગત્યની બાબતો છે. કોઇપણ કટોકટીની પરિસ્થિતીના પ્રતિકાર માટે શાળાના કર્મચારીઓ મુળભૂત આપત્તિ વ્યવસ્થાપન કામગીરીમાં તાલીમબધ્ધ હોવા જોઇએ. એસડીએમસીને (**શાળા આપત્તિ વ્યવસ્થાપન સમિતિ**) આપત્તિ વ્યવસ્થાપનની મુળભૂત પરિસ્થિતીના અસરકારક વ્યવસ્થાપન માટે તેમના સંબંધિત ક્ષેત્રોમાં તાલીમબધ્ધ હોવા જોઇએ.

શાળા સંચાલક મંડળે જીએસડીએમએ, સ્થાનિક ફાયર સ્ટેશન, આરોગ્ય કેન્દ્ર, પોલિસ સ્ટેશન તથા નાગરિક સંરક્ષણના પરામર્શમાં રહીને વિદ્યાર્થિઓ, શિક્ષકો તથા અન્ય કર્મચારીઓ માટે તાલિમ કાર્યક્રમોનું આયોજન કરવું જોઇએ.

આ હેતુ માટે તાલિમ કેલેન્ડર પણ તૈયાર કરવું જોઇએ.


| મહિનો / તાલિમ | જાન્યુ | ફેબ્રુ | માર્ચ | એપ્રીલ | મે | જુન | જુલાઇ | ઓગસ્ટ | સપ્ટે | ઓક્ટો | નવે | ડિસે |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પ્રાથમિક સારવાર તાલિમ | | | | | | | | | | | | |
| શોધ અને બચાવ તાલિમ | | | | | | | | | | | | |

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મુળભૂત આપત્તિ વ્યવસ્થાપન તાલિમ | | | | | | | | | | | | |
| શિક્ષકો માટેની તાલિમ | | | | | | | | | | | | |
| સ્થળાંતર માટેની તાલિમ | | | | | | | | | | | | |
| મુળભૂત સીપીઆર તાલિમ | | | | | | | | | | | | |
| આગ સલામતી માટેની તાલિમ | | | | | | | | | | | | |

પ્રતિકારમાં આગ સેવાઓ, પોલિસ સ્ટેશન અને અન્ય કટોકટી સેવાઓ જેવી સેવાઓનો એસડીએમસી (શાળા આપત્તિ વ્યવસ્થાપન સમિતિ) પેટા સમિતિઓ તથા અન્ય સ્ટેક હોલ્ડર્સની કામગીરીઓનો સમાવેશ થાય છે.

**એ. હોનારત વિશિષ્ટ પ્રતિકાર યોજના.**

વિવિધ સમિતિઓ સાથે વધુ સારા સંકલન માટે શાળા પોતાની હોનારત પ્રતિકાર પધ્ધતિની રચના કરી શકે છે. કોઇપણ આપત્તિના કિસ્સામાં, હોનારત પ્રતિકાર પધ્ધતિ ઉપલબ્ધ વ્યક્તિઓની સંખ્યા તથા સાધનોના આયોજન તથા તેના પ્રયોગ માટે ઉપયોગી બની શકે છે. આ એક પ્રકારનું ફ્રેમવર્ક (માળખું) છે. આ ફ્રેમવર્ક જવાબદારીઓના સંચાલન તથા તેને કાર્યરત કરવા માટે કોઇપણ આપત્તિની પરિસ્થિતિમાં તેનો ઉપયોગ કરી શકાય છે.



હોનારત વિશિષ્ટ પ્રતિકાર યોજના તૈયાર કરાવવો જોઇએ. તેમાં દરેક આપત્તિ માટે માત્ર આખરી અમલીકરણનો સમાવેશ કરાવવો જોઇએ.

૧. ભૂકંપ

| | |
|---|---|
| ભૂકંપ | ૧. જમીન ધ્રુજવાના પ્રથમ સંકેતથી જ બધી જ ટુકડીઓ કાર્યરત થવી જોઇએ અને શાળામાં ચેતવણી સાયરન વગાડવી જોઇએ.<br>૨. વર્ગમાં રહેલ વ્યક્તિઓએ ડ્રોપ, કવર અને હોલ્ડની સ્થિતિમાં આવી જવું જોઇએ.<br>૩. ધ્રુજારી બંધ થયા પછી, બધા જ વર્ગખંડો ખાલી કરાવવા જોઇએ તથા વિદ્યાર્થિઓ/ સ્ટાફને સ્થળાંતર નકશામાં નિર્દિષ્ટ થયેલ વિસ્તારમાં લાવવા જોઇએ.<br>૪. અશક્ત વ્યક્તિઓ માટે ખાસ વ્યવસ્થા કરાવવી જોઇએ.<br>૫. સીડીઓ ઉપર દરેક શિસ્તબધ્ધ હોવા જોઇએ અને શાંતિ તથા ધીરજપૂર્વક બહાર નીકળી જવું જોઇએ.<br>૬. એકત્ર થવાના સ્થળે, વ્યક્તિઓની ગણતરી થવી જોઇએ અને જો કોઇ વ્યક્તિ ન હોય તો તેની જાણ તાત્કાલિક એસડીએમસી અથવા શોધ અને બચાવ ટીમને કરવી જોઇએ. |

૨. આગ

| | |
|---|---|
| આગ | ૧. આગ લાગ્યાની ખબર પડ્યા પછી તાત્કાલિક, એલાર્મ વગાડવું તથા બધી જ ટુકડીઓ કાર્યરત થવી જોઇએ.<br>૨. સ્થાનિક ફાયર બ્રિગેડ સત્તાવાળાઓને તાત્કાલિક જાણ કરવી જોઇએ.<br>૩. એલાર્મ સાંભળીને બધા જ વિદ્યાર્થિઓએ શિસ્તબધ્ધ રીતે વર્ગખંડમાંથી બહાર નીકળી જવું જોઇએ.<br>૪. જો કોઇ વ્યક્તિ આગમાં સળગવા માંડે તો તે/તેણી એ જ્યાં સુધી કપડા પરની આગ બુઝાય નહીં ત્યાં સુધી જમીન પર સ્ટોપ, ડ્રોપ અને રોલની ક્રિયા કરવી જોઇએ.<br>૫. અશક્ત વ્યક્તિઓ માટે ખાસ વ્યવસ્થા કરાવવી જોઇએ.<br>૬. સીડીઓ ઉપર દરેક શિસ્તબધ્ધ હોવા જોઇએ અને શાંતિ તથા ધીરજપૂર્વક બહાર નીકળી જવું જોઇએ.<br>૭. એકત્ર થવાના સ્થળે, વ્યક્તિઓની ગણતરી થવી જોઇએ અને જો કોઇ વ્યક્તિ ન હોય તો તેની જાણ તાત્કાલિક એસડીએમસી અથવા શોધ અને બચાવ ટીમને કરવી જોઇએ. |

૩. ત્સુનામી

| | |
|---|---|
| ત્સુનામી | ૧. સ્થાનિક આપત્તિ વ્યવસ્થાપન સત્તાવાળાઓ પાસેથી આગોતરી ત્સુનામીની ચેતવણી મળ્યા પછી, બધી જ ટુકડીઓ સક્રિય થવી જોઇએ અને ચેતવણીની સાયરન વગાડવી જોઇએ.<br>૨. એલાર્મ સાંભળીને બધા જ વિદ્યાર્થિઓએ શિસ્તબધ્ધ રીતે વર્ગખંડમાંથી બહાર નીકળી જવું જોઇએ.<br>૩. અશક્ત વ્યક્તિઓ માટે ખાસ વ્યવસ્થા કરાવવી જોઇએ.<br>૪. સીડીઓ ઉપર દરેક શિસ્તબધ્ધ હોવા જોઇએ અને શાંતિ તથા ધીરજપૂર્વક બહાર નીકળી જવું જોઇએ.<br>૫. એકત્ર થવાના સ્થળે, વ્યક્તિઓની ગણતરી થવી જોઇએ અને જો કોઇ વ્યક્તિ ન હોય તો તેની જાણ તાત્કાલિક એસડીએમસી અથવા શોધ અને બચાવ ટુકડીને કરવી જોઇએ.<br>૬. વાહનવ્યવહાર વ્યવસ્થાપન ટુકડીઓ વિદ્યાર્થિઓને ત્સુનામીના વિસ્તારમાંથી દૂરના સલામત સ્થળે લઇ જવા જોઇએ. |

૪. વાવાઝોડું

| | |
|---|---|
| વાવાઝોડું | ૧. સ્થાનિક આપત્તિ વ્યવસ્થાપન સત્તાવાળાઓ પાસેથી આગોતરી વાવાઝોડાની ચેતવણી મળ્યા પછી, બધી જ ટુકડીઓ સક્રિય થવી જોઇએ અને ચેતવણીની સાયરન વગાડવી જોઇએ.<br>૨. એલાર્મ સાંભળીને બધા જ વિદ્યાર્થિઓએ શિસ્તબધ્ધ રીતે વર્ગખંડમાંથી બહાર નીકળી જવું જોઇએ.<br>૩. કોમ્પ્યુટર, મોબાઇલ, લેન્ડલાઇન્સ વગેરે જેવા વીજળીના સાધનોનો ઉપયોગ બંધ કરવો જોઇએ કારણ કે વીજપ્રવાહથી શોર્ટ સર્કીટ થવાનો સંભવ રહે છે જે ગંભીર ઇલેક્ટ્રીક આંચકો સર્જી શકે છે.<br>૪. અશક્ત વ્યક્તિઓ માટે ખાસ વ્યવસ્થા કરાવવી જોઇએ.<br>૫. સીડીઓ ઉપર દરેક શિસ્તબધ્ધ હોવા જોઇએ અને શાંતિ તથા ધીરજપૂર્વક બહાર નીકળી જવું જોઇએ.<br>૬. એકત્ર થવાના સ્થળે, વ્યક્તિઓની ગણતરી થવી જોઇએ અને જો કોઇ વ્યક્તિ ન હોય તો તેની જાણ તાત્કાલિક એસડીએમસી અથવા શોધ અને બચાવ ટુકડીને કરવી જોઇએ.<br>૭. વાહનવ્યવહાર વ્યવસ્થાપન ટુકડીઓ વિદ્યાર્થિઓને વાવાઝોડાંના વિસ્તારમાંથી દૂરના સલામત સ્થળે લઇ જવા જોઇએ. |

૫. પૂર

| | |
|---|---|
| પૂર | ૧. સ્થાનિક આપત્તિ વ્યવસ્થાપન સત્તાવાળાઓ પાસેથી આગોતરી ત્સુનામીની ચેતવણી મળ્યા પછી, બધી જ ટુકડીઓ સક્રિય થવી જોઇએ અને ચેતવણીની સાયરન વગાડવી જોઇએ.<br>૨. એલાર્મ સાંભળીને બધા જ વિદ્યાર્થિઓએ શિસ્તબધ્ધ રીતે વર્ગખંડમાંથી બહાર નીકળી જવું જોઇએ.<br>૩. સીડીઓ ઉપર દરેક શિસ્તબધ્ધ હોવા જોઇએ અને શાંતિ તથા ધીરજપૂર્વક બહાર નીકળી જવું જોઇએ.<br>૪. એકત્ર થવાના સ્થળે, વ્યક્તિઓની ગણતરી થવી જોઇએ અને જો કોઇ વ્યક્તિ ન હોય તો તેની જાણ તાત્કાલિક એસડીએમસી અથવા શોધ અને બચાવ ટુકડીને કરવી જોઇએ.<br>૫. અચાનક પૂર આવે તો, પૂરગ્રસ્ત વિસ્તારોને ખાલી કરો અને લોકોને મકાનના ઉપરના માળે શીફ્ટ કરો અને કટોકટી બચાવ સેવાઓ મેળવવા રાહ જુઓ. |

૬. બોમ્બની ધમકી

| | |
|---|---|
| બોમ્બની ધમકી | ૧. શાળામાં બોમ્બ હોવાની ચેતવણી મળ્યા પછી તાત્કાલિક નજીકના પોલિસ સ્ટેશન તથા ફાયર બ્રિગેડને જાણ કરો અને બધી જ ટુકડીઓને કાર્યરત કરો.<br>૨. એલાર્મ સાંભળીને બધા જ વિદ્યાર્થિઓએ શિસ્તબધ્ધ રીતે વર્ગખંડમાંથી બહાર નીકળી જવું જોઇએ.<br>૩. શાળામાંથી બધી જ વ્યક્તિઓનું સ્થળાંતર ન થાય ત્યાં સુધી તથા શાળામાં કટોકટીની સેવાઓ ન મળે ત્યાં સુધી કોઇપણ વસ્તુને અડકશો નહીં.<br>૪. અશક્ત વ્યક્તિઓ માટે ખાસ વ્યવસ્થા કરાવવી જોઇએ.<br>૫. સીડીઓ ઉપર દરેક શિસ્તબધ્ધ હોવા જોઇએ અને શાંતિ તથા ધીરજપૂર્વક બહાર નીકળી જવું જોઇએ.<br>૬. એકત્ર થવાના સ્થળે, વ્યક્તિઓની ગણતરી થવી જોઇએ અને જો કોઇ વ્યક્તિ ન હોય તો તેની જાણ તાત્કાલિક એસડીએમસી અથવા શોધ અને બચાવ ટુકડીને કરવી જોઇએ. |

GSDMA

SAFE SCHOOL

GUJARAT SCHOOL SAFETY INITIATIVE

૭. રોગચાળો

| | |
|---|---|
| રોગચાળો | ૧. વિદ્યાર્થિઓને ઘેર રહેવાની સલાહ આપવી જોઇએ તથા કોઇ લક્ષણ જણાય તો ડોક્ટરનો સંપર્ક સાધવા કહેવું.<br>૨. શિક્ષકોએ કોઇપણ રોગચાળો ફેલાય તો સામે સાવચેત રહેવું જોઇએ અને તેમણે વિદ્યાર્થિઓને લક્ષણો અંગે તથા ઉપાયોના પગલાંઓ વિષે જાગૃત કરવા જોઇએ.<br>૩. વિદ્યાર્થિઓ કોઇપણ લક્ષણોથી પીડાય તો તેમને વર્ગખંડમાંથી અન્ય બાળકો પાસેથી દૂર લઇ જવા જોઇએ.<br>૪. શાળાના બધા જ વિદ્યાર્થિઓ, શિક્ષકો તથા અન્ય કર્મચારીઓની નિયમિત તબીબી ચકાસણી માટે જોગવાઇ હોવી જોઇએ. |

બી. શાળાનું શિક્ષણ કાર્ય સતત ચાલી રહે તે માટે વૈકલ્પિક વ્યવસ્થા

કોઇપણ હોનારત થયા પછી, વિદ્યાર્થિઓના રોજના વર્ગો સતત ચાલુ રહે તે ખૂબ જ અગત્યનું છે હોનારતની અસર હોવા છતાં પણ શિક્ષણ આપવા માટે શાળાઓ પાસે આકસ્મિક યોજના હોવી જોઇએ.

- વર્ગો ચલાવવા માટે સરકાર, સ્વૈચ્છિક સંસ્થાઓને(એનજી.ઓ.) લોકો વગેરે જેવી વિવિધ એજન્સીઓના પરામર્શમાં રહીને વૈકલ્પિક સ્થળો નક્કી કરવા જોઇએ.
- વૈકલ્પિક સ્થળોએ લેસન આપવા માટે ખાસ જોગવાઇ અને વ્યવસ્થા કરવી જોઇએ.
- શાળા પરિસરની નજીક અથવા અંદર યોગ્ય સ્થળોએ શિક્ષણ ચાલુ રાખવા માટે હંગામી આશ્રયસ્થાનો બાંધવા જોઇએ તથા વર્ગખંડ તરીકે તેનું સંચાલન થવું જોઇએ.

સી. સરકારને કટોકટી/હોનારતોની માહિતી આપવી

શાળામાં કોઇપણ આપત્તિ આવે અથવા કોઇપણ કટોકટીની પરિસ્થિતી સર્જાય તો તેની જાણ સ્થાનિક જીલ્લા વહીવટીતંત્ર, જીલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્રને (ઇઓસી) કરવી જોઇએ. શાળાએ એક ચોક્કસ પત્રકમાં ઘટના, ગંભીરતા, તારીખ અને સમય, અસર પામેલા લોકોની સંખ્યા, તેમણે આપત્તિનો પ્રતિકાર કેવી રીતે કર્યો વગેરેનો અહેવાલ જીલ્લા વહીવટી તંત્રને આપવો જોઇએ. પત્રકમાં નમૂના માટે પરિશિષ્ટ-૧ જુઓ.

ડી. અશક્ત બાળકો માટે ખાસ જોગવાઇ-

આપત્તિની પરિસ્થિતીમાં અશક્ત વ્યક્તિઓ અત્યંત અસમર્થ હોય છે. આપત્તિ વ્યવસ્થાપનમાં આ બાબત પ્રત્યે મહદઅંશે યોગ્ય પુરતું ધ્યાન આપવામાં આવતું નથી. હાલની ડીએમ યોજનાઓ એ બાબત સત્ય હોવા છતાં કે હોનારતો હંમેશાં નવી નવી મુશ્કેલીઓ સર્જી શકે છે આમ છતાં પણ તેના બદલે અશક્ત નિર્બળ લોકોની જરૂરીયાતો પ્રત્યે ખુબજ ઓછું ધ્યાન આપવામાં આવે છે જેથી આવા વધુ કિસ્સા ન બને તથા પ્રવર્તમાન સ્થિતીને અંકુશમાં લેવા કોઇપણ ડીએમ પ્લાનમાં અશક્ત લોકો માટે ખાસ જોગવાઇઓનો સમાવેશ થવો જોઇએ.

કેટલાલાંક મુખ્ય મુદ્દાઓ કે જે ખાસ ધ્યાન આપવા જેવા છે તે નીચે મુજબ છે.

૧. શાળાનું મકાન ડિઝાઇન (પ્લાન) એવી રીતે તૈયાર કરવો જોઇએ કે તેમાં અશક્ત લોકો માટે અવર- જવર તથા પહોંચવાની ક્ષમતાનો ખ્યાલ રાખવો જોઇએ.

